# સરઢવ ગૌરવગાન

(૧) સરઢવ ગામ રળિયામણું રે લોલ
એની શોભા છે અપરંપાર રે...
રૂડુ રૂપાળુ મારૂ ગામડુ રે લોલ.

(૨) દ્વાપર યુગની આ વારતા રે લોલ
પાંડવોએ જ્યાં ગાળ્યો વનવાસ રે...રૂડુ રૂપાળુ

(૩) હેડંબાવન સુંદર શોભતુ રે લોલ
થઇ પાંડવોથી પવિત્ર આ ભોમ રે...રૂડુ રૂપાળુ

(૪) યુધિષ્ઠિરને દર્શન મા એ આપીયાં રે લોલ
મા ની પલ્લી ફેરવી વનમાંય રે...રૂડુ રૂપાળુ

(૫) સ્થાપના કીધી વરદાયીની માતાની રે લોલ
નોમની પલ્લી રૂપાલમાં ભરાય રે...રૂડુ રૂપાળુ

(૬) પાંડવોએ પૂજા કરી કલેશહરણી માતની રે લોલ
મા એ હર્યા પાંડવોના કલેશ તમામ રે...રૂડુ રૂપાળુ

(૭) નવસો વર્ષ પહેલાં પટેલ અહી આવીયા રે લોલ
વસાવ્યું રૂડુ રૂપાળુ સરઢવ ગામ રે...રૂડુ રૂપાળુ

૮) જામળા (ઇડર)થી ગાડાં લઇને નીકર્યા રે લોલ
આવ્યા સરઢવની સીમ મોજાર રે...રૂડુ રૂપાળુ

(૯) વહેલી સવારે ધાડપાડુ સરઢવ ગામે ત્રાટકયા રે લોલ
દાઢમભા-મૂળજીભા-ભવાનીસંગ શહીદ થયા રે...રૂડુ રૂપાળુ

(૧૦) મૂળજીભાના રસ્તે દિકરો ચાલીયો રે લોલ
લાખાભાએ ધાડને પાછી વાળી રે...રૂડુ રૂપાળુ

(૧૧) લાખાભાએ આપી પ્રાણની આહુતિ રે લોલ
એવા શૂરવીરોના પાળીયા પૂજાયા રે...રૂડુ રૂપાળુ

(૧૨) ઉત્તરમાં બળિયા દેવ બિરાજતા રે લોલ
દક્ષિણમાં સોહે રાયરણછોડ રે...રૂડુ રૂપાળુ

(૧૩) પૂર્વે અંબિકાનાં બેસણાં રે લોલ
પશ્ચિમમાં વડલાવાળી વારાહી માત રે...રૂડુ રૂપાળુ

(૧૪) મધ્યમાં મહાદેવના મુકામ છે રે લોલ
બાજુમાં બિરાજયા સીતારામ રે...રૂડુ રૂપાળુ

(૧૫) સરઢવમાં શોભે રૂડાં ચૌટાં રે લોલ
એના પાદરની શી કરૂ વાત રે...રૂડુ રૂપાળુ

(૧૬) વાવ તળાવ ધર્મશાળા નિર્મિત કર્યા રે લોલ
હીરાલાલ શેઠે કર્યા ધરમના કામ રે...રૂડુ રૂપાળુ

(૧૭) સંતો મહંતોની આ ભોમકા રે લોલ
ૐ કાર નો જગાવ્યો આહલેક રે...રૂડુ રૂપાળુ
(૧૮) પૂર્વ - પશ્ચિમ છેડે સરોવર શોભતાં રે લોલ
ભૂલેશ્વર - મલાવ પડયાં નામ રે...રૂડુ રૂપાળુ
(૧૯) મલાવમાં હતી રૂડી વાવડી રે લોલ
જેનુ પાણી શૂરાતન ચઢાવતું રે...રૂડુ રૂપાળુ
(૨૦) મા સરસ્વતીનો પૂજારી અહી અવતર્યો રે લોલ
રૂડુ છગનભા ધરીયુ એણે નામ રે...રૂડુ રૂપાળુ
(૨૧) અજ્ઞાનનાં અંધારાં ઉલેચિયાં રે લોલ
ફેલાવ્યો ઉરમાં જ્ઞાનનો પ્રકાશ રે...રૂડુ રૂપાળુ
(૨૨) મા સરસ્વતીનું પૂજન અહી થાય રે લોલ
લક્ષ્મીજી એ વરસાવી મેર રે...રૂડુ રૂપાળુ
(૨૩) આ દાતા - શૂરવીરની ભોમકા રે લોલ
મા ને કરૂ હું હ્રદયના પ્રણામ રે...રૂડુ રૂપાળુ
(૨૪) દિવાળીનો ઉત્સવ અનોખો ઉજવાય રે લોલ
મા ના ગરબે ગાતાં નર ને નાર રે...રૂડુ રૂપાળુ
(૨૫) મા ઉમાના દિકરા અહીં વસીયા રે લોલ
સાથે વસી અહી અઢાર કોમ રે...રૂડુ રૂપાળુ
(૨૬) સમાજ જાગૃતિનો પવન ફૂકાયો રે લોલ
ગુલાબચંદે કીધી શરૂઆત રે...રૂડુ રૂપાળુ
(૨૭) ગાયકવાડ સરકારનું આ ગામડુ રે લોલ
શાળા-દવાખાનું-પુસ્તકાલય સ્થાપી કીધાં સેવાનાં કામ રે...રૂડુ રૂપાળુ
(૨૮) કડી પ્રાંત ખેડૂત પટેલો અહી મળીયા રે લોલ
ચેલદાસના ડેલામાંથી ફૂંકાયો શંખ રે...રૂડુ રૂપાળુ
(૨૯) દારૂ ન પીવો લાંચ ન લેવી દેવી રે લોલ
કન્યા વિક્રયને સૌએ વખોડયો રે...રૂડુ રૂપાળુ
(૩૦) ઋષિ કૃષિના તાતને ઉગારવા રે લોલ
બાળ વિવાહ, બારમા, બાકીને આપી વિદાય રે...રૂડુ રૂપાળુ
(૩૧) ઇશ્વરભાએ પાડાને ખેતીમાં જોડીયા રે લોલ
છગનભાએ સમજાવી આ સાદી વાત રે...રૂડુ રૂપાળુ
(૩૨) ક.પા.કે.ઉ.મંડળની સરઢવમાં રચના થઇ રે લોલ
જેનુ છગનભાએ સંભાળ્યુ સુકાન રે...રૂડુ રૂપાળુ
(૩૩) ફંડ સમિતિની રચના કડીમાં થઇ રે લોલ
સમિતિની શોભા વધારી સરઢવ ગામે રે...રૂડુ રૂપાળુ
(૩૪) શામળદાસ શાહ મોહનલાલે સખાવત કરી રે લોલ
થયું હાઇસ્કૂલનું સપનુ સાકાર રે...રૂડુ રૂપાળુ
(૩૫) વિષ્ણુપ્રસાદ જહા વાસુદેવ આવીયા એ લોલ
કર્યુ પૂજન સરસ્વતી માતનું રે...રૂડુ રૂપાળુ

( ૩૬ ) કુમાર - કન્યા શાળાનું નિર્માણ થયુ રે લોલ
પથરાયો ગામમાં જ્ઞાનનો પ્રકાશ રે...રૂડુ રૂપાળુ

( ૩૭ ) રાઇબા - જીવીબા શીશુમંદિર શોભતુ રે લોલ
”બાલ દેવો ભવ” સ્વપ્ન સાકાર થયુ રે...રૂડુ રૂપાળુ

( ૩૮ ) જે.ખુ.સા.પુ. અહી ચાલતુ રે લોલ
ભર્યો જીવનમાં જ્ઞાનનો પ્રકાશ રે...રૂડુ રૂપાળુ

( ૩૯ ) દૂધ મંડળી - સેવા મંડળી ખેડૂતની સેવા કરે રે લોલ
ગ્રામ પંચાયત જીલ્લામાં અજોડ રે...રૂડુ રૂપાળુ

( ૪૦ ) પોસ્ટ - બેન્કોની સેવા અહી મળતી રે લોલ
આરોગ્યની સેવાઓ અદભૂત રે...રૂડુ રૂપાળુ

( ૪૧ ) સરકારી - રેવાબાઇ હોસ્પિટલ સેવા કરે રે લોલ
જનસેવાનો મંત્ર ગુંઝી ઉઠયો રે...રૂડુ રૂપાળુ

( ૪૨ ) મુંગા પશુઓની સારવાર અહી થાય છે રે લોલ
અંબાલાલે સાંભળી પશુઓની ચીસ રે...રૂડુ રૂપાળુ

( ૪૩ ) બન્ને દિશામાં પક્ષીઘર શોભતાં રે લોલ
જેનો ખૂટે નહી અન્નનો ભંડાર રે...રૂડુ રૂપાળુ

( ૪૪ ) શ્વાન આહારની યોજના અહી ચાલતી રે લોલ
ધર્મીજનો ગાયોને નીરે ઘાસ રે...રૂડુ રૂપાળુ

( ૪૫ ) **સ**રસ રૂડી નવરાત્રિ અહી થાય રે લોલ
**ર**સિક નરનારી ગરબે ગાય રે...રૂડુ રૂપાળુ

( ૪૬ ) **ઢ**બૂકે ઢોલ - શહનાઇ વાગતી રે લોલ
**વ**રાહરૂપ વારાહી ગરબે ઘૂમે રે...રૂડુ રૂપાળુ

( ૪૭ ) એસ.ટી અને લાઇટ ગામમાં આવીયાં રે લોલ
દૂર થયાં વેલડાં અને દીવડાં રે...રૂડુ રૂપાળુ

( ૪૮ ) લાલ-બાલ-પાલની ત્રિપુટી રચાઇ રે લોલ
સી.પી, દાસભાઇ, રાજા એવાં રૂડાં ઉપનામ રે...રૂડુ રૂપાળુ

( ૪૯ ) ગ્રામ વિકાસ મંડળની રચના થઇ રે લોલ
વતન કાજે ઘસી જેમણે કાય રે...રૂડુ રૂપાળુ

( ૫૦ ) ઈશ્વરભાઇ,નારણભાઇએ સુકાન લીધુ હાથમાં રે લોલ
વાડીભાઇ, બચુભાઇએ કર્યા રૂડાં કામ રે...રૂડુ રૂપાળુ

( ૫૧ ) ડાૅ.ખોડાભાઇએ ભાવપ્રેમ આપીયાં રે લોલ
સંભાળ્યુ વિકાસનું સુકાન રે...રૂડુ રૂપાળુ

( ૫૨ ) બહુરત્નો આ ભૂમિમાંથી નીપજયાં રે લોલ
જેમણે અર્પણ કીધાં તન મન ધન રે...રૂડુ રૂપાળુ

( ૫૩ ) લોક ભાગીદારીએ વિકાસની કેડી કંડારી રે લોલ
સરઢવ બન્યુ ગોકુળીયુ ગામ રે...રૂડુ રૂપાળુ

(૫૪) પ્રવેશોત્સવ, સર્વશિક્ષા ના પ્રયોગો હાથ ધર્યા રે લોલ
સરકારશ્રીએ સ્વિકારી આ નવતર વાત રે...રૂડુ રૂપાળુ

(૫૫) રાજયપાલ - રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવ્યા રે લોલ
શંકરભાઇએ રોશન કર્યુ ગામનું નામ રે...રૂડુ રૂપાળુ

(૫૬) સહકાર-સંગઠન-સેવાથી ગામ શોભતુ રે લોલ
ગામની કિર્તિ ફેલાય ચારે દિશમાં રે...રૂડુ રૂપાળુ

(૫૭) નિર્મળ ગામ નો રાષ્ટ્રિય એવોર્ડ મેળવ્યો રે લોલ
મનુભાઇએ વધાર્યુ ગામનું ગૌરવ રે...રૂડુ રૂપાળુ

(૫૮) વહીવટી ક્ષેત્રે ગામની નામના રે લોલ
જયાં નિપજયા અધિકારી ગણ રે...રૂડુ રૂપાળુ

(૫૯) ચંચળબા ટાવર શોભતું રે લોલ
જેના ડંકા વાગે દિન-રાત રે...રૂડુ રૂપાળુ

(૬૦) બાળ - યુવાન ને અમારી પ્રાર્થના રે લોલ
વ્યસનો છોડી જીવન બનાવો ખુશહાલ રે...રૂડુ રૂપાળુ

(૬૧) પરમાત્મા મુજ હૃદયમાં બિરાજતો રે લોલ
હું વ્યસનનો કદી ન કરૂ વિચાર રે...રૂડુ રૂપાળુ

(૬૨) ખોટુ ન બોલીએ, ખોટુ ન કરીએ રે લોલ
સત્યથી જીવનનો કરશું વ્યવહાર રે...રૂડુ રૂપાળુ

(૬૩) ભગવાન પાસે હું તો માગતો રે લોલ
" सर्वण्त्र सुखिनः सन्तु Ẅતુ કરજે રે...રૂડુ રૂપાળુ

(૬૪) સરઢવ ગૌરવ ગાથા ગાઇએ પ્રેમથી રે લોલ
કરશું કુરબાન આપણી જાતને રે...રૂડુ રૂપાળુ

(૬૫) વિરામ આપુ છું મારી વાણીને રે લોલ
ક્ષમા યાચુ છુ હું ક્ષતિ - દોષની રે...રૂડુ રૂપાળુ

સ્થળ : સરઢવ

તા : ૧૫/૦૮/૨૦૧૦ (સ્વાતંત્ર્ય દિન)

<u>રચયિતા</u>
આદર્શ નાગરીક
સરઢવ

# સરઢવ ગૌરવગાન

## માહિતી

<u>(૨) પાંડવોનો વનવાસ</u>

પાંચ હજાર વર્ષ પહેલાં.

પાંડવોના બાર વર્ષના વનવાસ કાળમાં આ વિસ્તારમાં હેડંબાવન હોવાથી વનવાસનો કેટલોલ સમય રૂપાલ અને આજુબાજુના વિસ્તારમાં રોકાયા હોવાની ઐતિહાસિક ઘટનાની નોંધ જોવા મળે છે.

<u>(૭) સરઢવ ગામની સ્થાપના</u>

કર્ણોપકર્ણ સંભળેલી વારતા મુજબ ગામની થાંભલી ૯૦૦ વર્ષ પૂર્વે ગોવાળ પરિવારે નાખી હોય તેમ માનવાને કારણ છે. આધારભૂત ઇતિહાસ ઉપલબ્ધ થયેલ નથી.

<u>(૮) ઇડર (જામળા) થી આગમન</u>

(૧) વહીવંચાની માહીતી મુજબ સંવત ૧૩૦૨ પોષ સુદી -૨ ગામ જામળા થી સરઢવ આવ્યા (ઇ.સ.૧૨૪૬) શાખે મનવર - ખોખાભાનું આગમન કુલ વર્ષ ૭૬૪. તે વખતે સરઢવ ગામ અસ્તિત્વમાં હતું.

(૨) કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ મુજબ ગામથી દોઢ ગાઉ ઉપર વીરજી પટેલનું ગાડુ ભાગી પડયુ જામળા (ઇડર)થી આવતા હતા. પોતાનુ પ્રારબ્ધ અહીજ નિર્માણ થયુ છે એમ સમજી રોકાઇ ગયા.ગોત્ર -વીરેશ્વર - શાખ - દાણી - ઇ.સ.૧૨૩૫ પછી જામળાથી આવ્યા. જામળીયા તરીકે ઓળખાયા. સરઢવમાં વસતા ભાઇઓએ તેમને ગામમાં આગ્રહ કરી વસાવ્યા. ધાડપાડુ થી ગામને રક્ષણ મળ્યુ. ગાડુ ભાગ્યુ તે જગ્યા ખોખલ. વીરજી પટેલ અને ખોખાભાનો પારિવારીક નાતો બંને ઇતિહાસથી પ્રમાણિત થાય છે. રહી વાત શાખની. પૂર્વજો પંજાબમાં જલંધર પાસે દાણાવલ ગામના વસવાટ થી દાણી તરીકે ઓળખાયા. ઇડર (જામળા) માં મનવર શાખ ધરાવી. સરઢવમાં જામળાથી આવ્યા તેથી જામળીયા તરીકે ઓળખાયા.

<u>(૯) સરઢવમાંથી ધાડપાડુને હટાવ્યા</u>

સંવત ૧૭૯૯ ની કારતક સુદ - ૪ ની વહેલી સવારે પડોશી ગામ આદરજ ની ધાડ આવી. મુકાબલામાં દાઢમભા (વેલાતર પાર્ટી) મૂળજીભા-ભવાનીસંગ (ખોખવરા પાર્ટી) શહીદ થયા. લાખાભા વહારે થયા ધાડને પાછી વાળી.શહીદી વહોરી.

<u>(૧૬) શ્રી હીરાલાલ કેવળદાસ શેઠ (શાહ પરિવાર)</u>

વૈષ્ણવ (શાહ) પરિવારમાં ૧૨૫ વર્ષ પહેલાં જન્મ - સરઢવમાં ધર્મશાળા,અંબાજીમાં સરઢવ વાળી ધર્મશાળાનુ બાંધકામ કરાવી ધર્મનું કાર્ય કર્યુ. વાવ, તળાવ બંધાવી પૂણ્યકર્મ કર્યુ. મુમુક્ષુ જીવન જીવી ગયા.

<u>(૧૭) સંતો મહંતોની ભોમકા</u>

★ પટેલ મણીભાઇ છગનદાસ - ઉજ્જૈન આશ્રમ. ★ પટેલ ઇશ્વરભાઇ મોતીદાસ - અયોધ્યા આશ્રમ.
★ પટેલ રામભાઇ જેઠીદાસ - મધ્યપ્રદેશ આશ્રમ. ★ પટેલ બાબુભાઇ જોઇતારામ - મધ્યપ્રદેશ આશ્રમ.
★ મિસ્ત્રી શાન્તવનજી - કરનાળી આશ્રમ

<u>(૨૦) પૂજ્ય છગનભા (પટેલ છગનલાલ પીતામ્બરદાસ - ખોખવરા પાર્ટી)</u>

જન્મ તારીખ ૧૧-૧૧-૧૮૬૩ (સંવત ૧૯૧૯ આસો વદ અમાસ દિવાળી). દેહાંત તા.૨૨-૧૨-૧૯૪૦.

બાળ વિવાહ - બારમાં - કન્યા વિક્રય - ઉધારી બંધ કરાવી સમાજ સુધારવાનું કાર્ય કર્યુ. કડીમાં કેળવણીનો પાયો નાખ્યો. સમગ્ર ગુજરાતમાં કેળવણીનો પ્રસાર થયો.સંત જીવન જીવી ગયા."કર ભલા હોગા ભલા" જીવન મંત્ર બનાવી જીવન જીવી ગયા.

## (૨૬) શ્રી ગુલાબચંદ માલજીદાસ (વેલાતર પાર્ટી)

તા.૧૮-૧-૧૮૮૩ માં ઊંઝા મુકામે ઉમિયા માતાજી દેવસ્થાન - ધર્મશાળા વિગેરેના બાંધકામ માટેની મેનેજીંગ કમીટીના (વ્યવસ્થાપક મંડળ) ના સભ્ય તરીકે નિયુકત થયા. સમાજ સુધારણા કાર્યક્રમોમાં જાગૃત અને અગ્રેસર ભૂમિકા અદા કરી.

## (૨૮) શ્રી ચેલદાસ ગુલાબચંદ (વેલાતર પાર્ટી)

કડી પ્રાંતના ખેડૂત પટેલોની બેઠક રા.રા.ચેલદાસ ગુલાબચંદના વિશાળ ડેલામાં થઇ. તા.૨૪-૨-૧૯૦૮ સંવત ૧૯૬૪ મહાવદી - ૭ સોમવાર. કડવા પાટીદારોએ સમાજ સુધારણાનો કાર્યક્રમ અમલમાં મુકી જન જાગૃતિનો શંખ ફૂકયો. સમાજ જાગૃતિના વાહક બન્યા.

## (૩૧) શ્રી ઇશ્વરભાઇ જોઇતનદાસ પટેલ (ખોખવરા પાર્ટી)

સમાજ સુધારણાનું કામ કર્યુ. ઉંઝા સંસ્થાની સમાજ સુધારણાની અનેક બેઠકોમાં ભાગ લીધો.પાડાનો અકાળે થતો વિનાશ અટકાવવા ખેતીમાં ઉપયોગ શરૂ કર્યો. કેળવણી ક્ષેત્રમાં કડી સંસ્થા માટે કાર્ય કર્યુ. સમાજ સુધારક તરીકેની ભૂમિકા અદા કરી.

## (૩૨) કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના

કડી પ્રાંત (પરગણાના) પાટીદાર બંધુઓનો મેળાવડો સરઢવ ગામમાં થયો. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના સરઢવ મુકામે થઇ. તા.૮-૬-૧૯૧૯ સંવત ૧૯૭૫ જેઠ સુદ-૧૦

## (૩૩) કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની ફંડ સમિતિ

આ સમિતિની રચના કડી મુકામે તા.૨૭-૨-૧૯૨૧ સંવત ૧૯૭૭ માઘ વદી-૫ ના રોજ કરવામાં આવી. સમિતિના કુલ ૨૮ સદસ્યો પૈકી પાંચ સદસ્ય સરઢવના નિયુકત કરવામાં આવ્યા. ★શ્રી રેવાભાઇ ડોસાભાઇ પટેલ

★શ્રી વિઠ્ઠલભાઇ જેશંગદાસ પટેલ ★ શ્રી દયાળજીભાઇ ગંગાદાસ પટેલ

★ શ્રી છગનલાલ પિતાંબરદાસ પટેલ ★ શ્રી ઇશ્વરભાઇ જોઇતનદાસ પટેલ

સર્વે ખોખવરા પરિવાર

## (૩૪) શ્રી સરઢવ હાઇસ્કૂલની સ્થાપના

સ્થાપના : તા. ૧૫-૬-૧૯૪૨

તા. ૧૫-૬-૧૯૪૨ શેઠ શામળદાસ મોતીચંદ (શાહ પરિવાર), શેઠ મોહનલાલ ઓતમચંદ (શાહ પરિવાર) સરઢવમાં ઉચ્ચ શિક્ષણની ભૂખ ભાગવાના આ નમ્ર પ્રયાસમાં શાહ પરિવાર છવાયેલુ રહયું. ગ્રામજનોનો સારો સહકાર મળ્યો. દાતાશ્રીઓ તથા કાર્યકર્તાઓએ જ્ઞાન પૂજન -શારદા પૂજન કર્યુ.

## (૩૫) આદરણીય જહા પરિવાર

શ્રી વિષ્ણુપ્રસાદ જહા.અલગારી નાગર બ્રાહમણ - નારદીપુર થી પ્રયાણ સરઢવમાં - મા સરસ્વતિની વંદના - ઉપાસના કરી. પિતાના સંકલ્પો - આદર્શોની પૂર્તિ અર્થે સુપુત્ર શ્રી વાસુદેવ જહા એ સમગ્ર જીવન મા સરસ્વતિના પુજારી તરીકે સરઢવને સમર્પિત કર્યુ. શિક્ષણ ક્ષેત્રનો પ્રતિષ્ઠિત રાજયપાલ એવોર્ડ મેળવ્યો. ગામનું ગૌરવ વધાર્યુ

## (૩૬) સરઢવમાં શિક્ષણની શરૂઆત મહારાજા સયાજીરાવ ગાયકવાડ તથા સરઢવ ગામ સમસ્ત

કુમાર શાળાની સ્થાપના તા .૧૪-૮-૧૮૮૦

કન્યા શાળાની સ્થાપના તા.૧-૫-૧૯૦૭

મહારાજા સયાજીરાવ ગાયકવાડની હુકૂમતનુ આ ગામ. તેઓશ્રીના કેળવણી પ્રેમને લીધે કુમાર શાળાની સ્થાપના તા .૧૪-૮-૧૮૮૦ (મહાદેવના મકાનમાં) નવિન મકાન સને ૧૯૬૪. કન્યા શાળાની સ્થાપના તા.૧-૫-૧૯૦૭ (સરઢવ બજારમાં) નવિન મકાન સને ૧૯૫૯

(૩૭) શીશુ વિહારની સ્થાપના

★ રાઇબા શીશુ વિહાર સ્થાપના તા.૧-૬-૧૯૫૭ શ્રી રણછોડભાઇ જોઇતારામ પટેલ તથા પરિવાર (ખોખવરા પાર્ટી)

★ જીવીબા શીશુ વિહાર સ્થાપના તા.૧-૬-૧૯૯૬ શ્રી આત્મારામ છોટાલાલ પટેલ તથા પરિવાર (ખોખવરા પાર્ટી)

બાળપણથીજ જીવનમાં સંસ્કાર સિંચન થાય તે માટેનો નમ્ર પ્રયાસ કર્યો.

(૩૮) સાર્વજનિક પુસ્તકાલય

સ્થાપના ઇ.સ.૧૯૦૩

શ્રી જેશીંગદાસ ખુશાલદાસ (પટેલ) સાર્વજનિક પુસ્તકાલય સ્થાપના ઇ.સ.૧૯૦૩ જેશીંગદાસ ખુશાલદાસ પટેલ પરિવાર (ખોખવરા પાર્ટી) સામાજીક, ધાર્મિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક વિષયોનું વાંચન થાય, જીવન ઘડતર થાય, જીવન દિવ્ય બને.

(૩૯) સરઢવ ગ્રામ પંચાયતની સ્થાપના

સ્થાપના તા.૨૦-૫-૧૯૫૨

ગુજરાતમાં પંચાયતી રાજ અમલમાં આવ્યું.સરઢવમાં પ્રથમ પંચાયતની રચના થઇ.પંચાયતના સુકાનીઓ

★ પ્રથમ સરપંચ શ્રી કેશવલાલ ચેલદાસ પટેલ (વેલાતર પાર્ટી) ★ શ્રી પુંજાભાઇ ખોડીદાસ પટેલ (ખોખવરા પાર્ટી)

★ શ્રી રામભાઇ છગનદાસ પટેલ (ખોખવરા પાર્ટી) ★ શ્રી વાડીલાલ ભાયચંદદાસ પટેલ (ખોખવરા પાર્ટી)

★ શ્રી ગોરધનભાઇ મફતલાલ પટેલ (વેલાતર પાર્ટી) ★ શ્રી જોઇતારામ ઇશ્વરદાસ પટેલ (રખેવરા પાર્ટી)

★ શ્રી બચુભાઇ લલ્લુદાસ પટેલ (ખોખવરા પાર્ટી) ★ શ્રી મનુભાઇ રતિલાલ પટેલ (વેલાતર પાર્ટી) (વર્તમાન સરપંચ)

દુધ ઉત્પાદક મંડળી સ્થાપના તા.૨૭/૮/૧૯૭૪ સેવા સહકારી મંડળી સ્થાપના તા.૯/૩/૧૯૬૫

કૃષિ ક્ષેત્રે સેવા સહકારી મંડળીથી હરિયાળી ક્રાંતિ તથા દુધ ઉત્પાદક મંડળીથી શ્વેતક્રાંતિના ગણેશ મંડાયા.કૃષિ અને પશુપાલન ક્ષેત્રે ખેડૂતો આબાદ થયા.કૃષિ અને પશુપાલન મુખ્ય ઉદ્યોગ તરીકે પ્રસ્થાપિત થયા. ગામની આબાદી વધી.

(૪૧) સરકારી દવાખાનું તથા રેવાબાઇ જનરલ હોસ્પિટલ ની સ્થાપના

સરકારી દવાખાનું સ્થાપના ઇ.સ. ૧૯૩૫-૩૬

સ્થાપના ઇ.સ. ૧૯૩૫-૩૬ માં ગામમાં આરોગ્ય વિષયક સેવાઓની ઉપલબ્ધિ થઇ. શ્રીમંત સર સયાજીરાવ હિરક મહોત્સવ સાર્વજનિક દવાખાનુ. મુખ્ય દાતા શેઠશ્રી અંબાલાલ ત્રિકમદાસ તથા ગ્રામજનો.

રેવાબાઇ જનરલ હોસ્પિટલ સ્થાપના તા.૨૯-૧૦-૧૯૬૬

રેવાબાઇ જનરલ હોસ્પિટલ સ્થાપના તા.૨૯-૧૦-૧૯૬૬. મુખ્ય દાતાશ્રી છોટુભાઇ પુરૂષોત્તમદાસ પટેલ પરિવાર (બક્ષી પરિવાર) તથા સમગ્ર ગ્રામજનોના સહયોગથી ગામમાં આરોગ્ય ક્ષેત્રે ઘનિષ્ઠ સેવાઓની શરૂઆત થઇ.

(૪૨) પશુ દવાખાનુ

સ્થાપના તા.૨૪-૧૦-૧૯૭૫

મુખ્ય દાતાશ્રી અંબાલાલ બાપુદાસ પટેલ (ખોખવરા પાર્ટી) મુક પશુઓની ઘનિષ્ઠ સારવારની શરૂઆત થઇ. પશુપાલન પ્રવૃત્તિને વેગ મળ્યો.

(૪૭) એસ.ટી.બસની સુવિધા - ઇલેક્ટ્રીસીટીની સુવિધા

વર્ષ ૧૯૫૫-૧૯૫૬

ભારતમાં આઝાદી બાદ આબાદીનો પવન ફૂંકાયો. ગામડાંને આબાદ અને સમૃધ્ધ બનાવવાના પ્રયત્નો શરૂ થયા. સુવિધાઓ ગ્રામિણ ક્ષેત્રને પ્રાપ્ત થઇ.

(૪૮/૪૯) શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળની સ્થાપના

સ્થાપના તા.૧૮-૧૨-૧૯૬૪

તા.૧૮-૧૨-૧૯૬૪ શ્રી છોટુભાઇ પી.પટેલ (બક્ષી પરિવાર) મુંબઇ પવઇ ગાર્ડનમાં મુબઇમાં વસતા સરઢવ વાસીઓનું સ્નેહ મિલન યોજયું. શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળની સ્થાપના થઇ.

ત્રિપુટી શ્રી છોટુભાઇ પુરૂષોત્તમદાસ પટેલ ,

શ્રી પુરૂષોત્તમદાસ રેવનદાસ પટેલ, શ્રી રણછોડભાઇ જોઇતારામ પટેલ (સર્વે ખોખવરા પરિવાર) સાથે તમામ સરઢવ વાસીઓ

(૫૦) સરઢવ ગ્રામ વિકાસની ધુરા સંભાળી

★ શ્રી ઇશ્વરભાઇ પુરૂષોત્તમદાસ પટેલ (બક્ષી પરિવાર) ★ શ્રી નારણભાઇ આત્મારામદાસ પટેલ (પારસ પરિવાર)
★ શ્રી વાડીભાઇ ભાયચંદદાસ પટેલ (પૂર્વ દંડકશ્રી તથા મંત્રીશ્રી ગુજરાત રાજય) ★ શ્રી બચુભાઇ લલ્લુદાસ પટેલ (પૂર્વ સરપંચ)
(સર્વે ખોખવરા પાર્ટી)

(૫૧) શ્રી સરઢવ ગ્રામ વિકાસ મંડળના સુકાની

★શ્રી છોટુભાઇ પી.પટેલ ★ શ્રી ઇશ્વરભાઇ પી.પટેલ ★ શ્રી ચિમનલાલ મગનલાલ પટેલ ★ શ્રી નંદુભાઇ મગનદાસ પટેલ
★ ડૉ.ખોડાભાઇ ત્રિભોવનદાસ પટેલ (પારસ પરિવાર) મંડળના વર્તમાન સુકાની (સર્વે ખોખવરા પાર્ટી)
હોસ્પિટલ સાધન સજજ બની તબીબી સેવાઓની ઘનિષ્ઠતા પ્રપ્ત થઇ.

(૫૩) સરઢવ બન્યુ ગોકુળીયુ ગામ

તા.૨૬/૦૨/૧૯૯૯ સુકાની શ્રી બચુભાઇ લલ્લુદાસ પટેલ (ખોખવરા પાર્ટી) સરઢવના સર્વાગિણ વિકાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. સરપંચશ્રી તરીકે બચુભાઇની ભૂમિકા નોંધપાત્ર રહી.

(૫૪-૫૫) શિક્ષણ ક્ષેત્રે અનોખુ પ્રદાન

શ્રી શંકરભાઇ રણછોડદાસ પટેલ (ખોખવરા પાર્ટી) પ્રવેશોત્સવ, સર્વશિક્ષા,લોક ભાગીદારીના નૂતન અભિગમના પ્રણેતા.
કેળવણી ક્ષેત્રે રાજયપાલ એવોર્ડ મળ્યો તા.૫-૯-૧૯૯૫, રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યો તા.૫-૯-૧૯૯૬

(૫૭) ભારત સરકારશ્રીનો નિર્મળ ગ્રામ એવોર્ડ

ભારત સરકારશ્રીનો રાષ્ટ્રિય કક્ષાનો નિર્મળ ગ્રામ એવોર્ડ સરઢવને મળ્યો તા.૧૮-૧૦-૨૦૦૮ સરપંચશ્રી મનુભાઇ પટેલ (વેલાતર પાર્ટી) રાષ્ટ્રિય કક્ષાનો ગામને મળેલ આ પ્રથમ એવોર્ડ છે. ગામનું નામ રોશન થયું સરપંચશ્રી મનુભાઇ તથા સમગ્ર પંચાયત પરિવારને અભિનંદન.

(૫૮) વહીવટી ક્ષેત્રે સરઢવ

સરઢવે વિવિધ ક્ષેત્રોમાં વહીવટી તથા ટેકનીકલ અધિકારીગણ પુરા પાડયા છે. સારી કામગીરી બદલ અધિકારીઓ સન્માનિત થયા છે

★ શ્રી ભાગ્યેશ વાસુદેવ જહા (આઇ.એ.એસ) ★ ચિં ધવલ કીરીટભાઇ પટેલ (આઇ.એ.એસ)
★ શ્રી બળદેવભાઇ રતિલાલ પટેલ (જી.એ.એસ) એડીશનલ કલેકટર ★ શ્રી બળદેવભાઇ સોમનાથ પટેલ (એ.પી.એમ.જી)
★ શ્રી હસમુખભાઇ શંકરલાલ પટેલ (જી.એ.એસ) ડેપ્યુટી કલેકટર ★ તમામ ક્ષેત્રોમાં અન્ય ઘણા વર્ગ-૧ અને તેથી ઉપરના અધિકારી ગણ છે પરંતુ માહિતીના અભાવે બધાનો નામોલ્લેખ ન થવા બદલ ક્ષમા યાચના.

(૫૯) ચંચળબા ટાવર

સ્થાપના ઇ.સ.૨૦૦૦
દાતાશ્રી સ્વ.સોમાભાઇ પુરૂષોત્તમદાસ પટેલ (પોકાર પાર્ટી) સરઢવ પૂર્વનું પ્રવેશદ્વાર

ગામની શોભામાં અભિવૃધ્ધિ થઇ.

લેખન - સંકલન : આદર્શ નાગરીક, સરઢવ
તા : ૧૫/૦૮/૨૦૧૦
(સ્વાતંત્ર્ય દિન)

# કણબી જાતિના ઇતિહાસના સંદર્ભમાં સરઢવ

આર્યોનું મૂળ વતન આર્યસમાજના મત મુજબ ભારત જ છે. ર્ડા.રામસ્વરૂપ શર્મા (પી.એચ.ડી.) દીલ્હી યુનિવર્સિટીના મત મુજબ ARYAVARTA - INDIA - is the orignal homeland of the Aryan race. વિશ્વના વિધ્વાનોના આ બાબતે અલગ અલગ મંતવ્યો રહયાં છે. સમયાન્તરે માન્યતાઓમાં ફેરફાર થતા રહયા છે.

જર્મનીના કેટલાક વિધ્વાનો આર્યોની જન્મભૂમિ જર્મન અને રશિયા બતાવે છે. યુરોપના બધા વિધ્વાનો મધ્ય એશિયા બતાવે છે. લોક માન્ય તિલક મહરાજ ઉત્તર ધ્રુવ કહે છે. પારસી લોકો ઇરાનવેઝ કહે છે. આ બધા વિચારોનો તલસ્પર્શી અભ્યાસ કરતાં હવે એવુ પ્રતિપાદિત થતું રહયું છે કે આર્યોની જન્મભૂમિ કયાંક એશિયામાં છે. (પ્રો.મેકસમૂલરની અંતિમ રચનાના સંદર્ભમાં આ વાતનો ઉલ્લેખ છે) આર્યોના પ્રાચીન ગ્રંથથી, કથા વાર્તાઓથી, અન્ય કોઇ વાતથી એવુ જણાતું નથી કે તેઓ બહારના કોઇ દેશમાંથી આવ્યા હોય.

વિધ્વાનોનું આ બાબતે વલણ બદલાયુ છે. તેઓ માનવા લાગ્યા છે કે આર્ય જાતિ ભારતમાં કાશ્મીર અથવા હિમાલયની આસપાસ કયાંક ઉત્પન્ન થઇ. (સંદર્ભ આર્ય સમાજ સાહિય)

ઇતિહાસ તપાસતાં કણબી ક્ષત્રિયનું મૂળ પંજાબમાં મળે છે. પંજાબ ગ્રીકોના હાથમાં આવ્યું. પંજાબ પર બહારનાં આક્રમણો અને સવારીઓ થતાં કૂર્મિઓએ પંજાબ છોડી મગધ તરફ પ્રયાણ કર્યુ. ઇ.સ.પહેલાંના ત્રીજા સૈકાના અંતમાં પંજાબ છોડી મગધપ્રાંતની રાજધાની કુશાવતી માં આવી કેટલોક સમય ત્યાંજ વિતાવ્યો. મગધના રાજકુમાર બિંદુસાર અને અશોકની સૂબાગીરીમાં સાથે રહી લશ્કરી સરદારી ભોગવી. ઇ.સ.ના પહેલા સૈકાના અંતમાં કેટલોક પ્રદેશ હસ્તગત કરી માધાવતી ને રાજધાનીનુ શહેર બનાવ્યું.

ક્ષત્રપરાજા જયદામાના સમયમાં માધાવતી ના કૂર્મીરાજા વ્રજપાલજીને મહેત દેશના રાજા ચંદ્રસેન સાથે લડાઇ થઇ, તેઓ પોતે હાર્યા.માધાવતી છોડી રસાલો લઇ આનર્ત - ગુજરાત (વડનગર) તરફ આવ્યા. સિધ્ધપુરમાં માતૃશ્રાધ્ધ કર્યુ.જુદા જુદા ગામોમાંથી ત્યાં વસેલા જાતિભાઇઓનો મેળાપ થયો.વ્રજપાલજી ત્યાંજ રહી ગયા.સંવત -૨૧૨.

મગધ દેશના ક્ષત્રપ રાજાઓએ ઇ.સ. ના પહેલા સૈકામાં માળવા જીતી ત્યાં પોતાનો સૂબો મુકયો. આ સમયમાં ઇડર અને વાંસવાડાના પ્રદેશમાંથી કણબીઓએ આવી આનર્તપુર (વડનગર), શ્રી સ્થળ (સિધ્ધપુર) શાન્તપ્રદેશમાં વાસ કર્યો ખેતી કરી આબાદ થયા.

વ્રજપાલજી સને - ૧૫૬ (વિક્રમ સંવત ૨૧૨) માં ઉંઝા ગામ વસાવ્યું. શ્રી શંકર મહાદેવના તેઓ ભકત હોવાથી પોતાની દેવી તરીકે શંકર પટ્ટરાણી ઉમિયાજીની સ્થાપના કરી. છઠા સૈકામાં વલ્લભીપુરની સ્થાપના થઇ. સિધ્ધપુર, વડનગર, દંઢાવ્ય વિભાગમાં કૂર્મીઓ આબાદ થયા. ઇ.સ. ૫૦૯ થી સાતમા સૈકા સુધી વલ્લભી રાજાઓનો અમલ સૌરાષ્ટ પર ચાલ્યો. વલ્લભીપુર (ભાવનગર નજીક) રાજધાની હતી. આનર્ત - સિધ્ધપુર સુધી તેમણે દ્રષ્ટિપાત કર્યો નહી.

વ્રજપાલજીના વંશજ સાથે ત્યાંના ગોધા પટેલ ના પુત્ર શિવસિંહજી ને વાંધો પડવાથી ઇ.સ -.૫૫૬ સંવત - ૬૧૨ માં આશાવલ્લી (અસારવા) આવીને વસ્યા. વલ્લભીપુરનો નાશ થયો હતો. ગુજરાત પર ચાવડા રજપૂતોની સત્તા જામી હતી. સરદાર જય શિખરીએ ઇ.સ.૬૯૦ માં પંચાસર નગર (રાધનપુર - કચ્છના રણ નજીક) વસાવ્યું. ઇ.સ. ૬૯૬ માં કલ્યાણીપતિ ભૂવડે ચઢી આવી તેને હરાવ્યો, માર્યો. સ્વ. રાજા જયશિખરીના સેનાપતિ સૂરપાલે તથા કુંવર વનરાજે બહારવટું કરવા માંડયું. વનરાજ વિજયી થયો. ઇ.સ.૭૪૬માં અણહિલપુર પાટણ (પાટણ શહેર) વસાવ્યું. દંઢાવ્ય તથા ઊંઝાના કૂર્મિઓને સત્તા સ્વિકારવી પડી. પ્રધાન ચાંપરાજ બહાદુર સરદાર હતો. મહેસૂલ બરાબર ઉઘરાવવા માંડયું. પડતર જમીન પણ ખેતીના ઉપયોગમાં લાવવા વિચાર કર્યો.ઊંઝામાં વસતા વ્રજપાલજી ના વંશજ બીજા વ્રજપાલજી એ આ સત્તા ન સ્વિકારતાં માલ મિલ્કત રસાલો લઇ સંવત ૮૦૨ માં ઊંઝા છોડી ઇડર તરફ ગયા - ત્યાં કાવર નામનું ગામ વસાવી સ્વતંત્ર પણે રહેવા લાગ્યા.તેમની સાથે જામળીયા સંજ્ઞા ધારક પાટીદારોના પૂર્વજ સંગાજી પોપટ વગેરે બીજા પણ બાહોશ કૂર્મીઓ તેજ સાલે મહાસુદ સાતમના દિવસે ઊંઝા ગામ છોડી ઇડર પરગણાના જામળા ગામે જઇ વસ્યા.(જામળીયા પાટીદારોના વહીવંચાના ચોપડા અનુસાર).. અસલ સ્થાન પંજાબ છોડી ઉંઝા આવેલ અને સ્વતંત્ર રાજય સ્થાપેલ, પરંતુ ઉંઝા છોડી ઈડર રાજય તરફ જવુ પડયું. પ્રધાન ચાંપરાજે ઉમાદેવીના પૂજારીને ધૂણાવીને માની આજ્ઞા સંભળાવી. ઊંઝા માના આશ્રયમાં રહી લગ્નવિધિ પણ ત્યાંજ કરી આબાદ થવા જણાવ્યું. તમારૂ રક્ષણ હુ કરીશ. બધા ગોરને પગે પડયા. ચાંપરાજ પણ પગે પડયો. રાજય તરફથી મદદની ખાત્રી આપી. માના આદેશનુ પાલન કરવા જણાવ્યું.અખાત્રીજનો સામુહિક લગ્નોત્સવ નાગર ગોરે કરાવી આપ્યો. ચાંપરાજની હાજરીમાં લગ્નોત્સવ થયો. રાજય તરફથી બીજા દિવસે ભોજન આપ્યું. વર કન્યાને પાઘડી તથા સાડીની ભેટ આપી. મહેસુલમાં છુટછાટ આપી. પ્રેમ સંપાદન કર્યો. ખેડૂતોએ વફાદારી અદા કરી. માતાજીના આદેશને વળગી રહયા.બહાર જવાનું માંળી વાળ્યું. આ વાતો બહાર પહોંચી. ઉદાર બક્ષીસોની વાત સાંભળી કેટલાક ઊંઝા છોડીને ગયેલા પાછા આવ્યા. જમીનો સંભાળી.

જામળીયા કુટુંબની ઉત્પત્તિ

જામળા ગામે ગયેલ કુટુંબનું ગોત્ર વીરેશ્વર અને શાખ દાણી હતાં.શાખપત્રકના આધારે (ગામ-દાણાવલ, ઠેકાણું-જલંધર પાસે- પંજાબ ઉત્તર ભારતમાં સ્થાન). સંગાજીના વંશજો ઇ.સ.૧૨૩૫ સુધી જામળામાં જ રહયા. ઇડરના રાવ સાથે અણબનાવ થવાથી વીરજી પટેલ અને તેમના છ ભાઇઓએ જામળાથી ગુજરાત તરફ પ્રયાણ કર્યુ. જયાં જયાં તેઓ વસ્યા ત્યાં તેઓ જામળીયા સંજ્ઞાથી ઓળખાવા લાગ્યા.

રસ્તામાં ચાલતાં સરઢવ (તા.કલોલ)થી દોઢ ગાઉ ઉપર વીરજી પટેલ નું ગાડુ ભાંગી પડયું. તેમણે ધાર્યું કે અહી જ મારૂ પ્રારબ્ધ નિર્માણ થયું છે. વીરજી પટેલ સરઢવ રહયા. (ગાડુ ભાંગ્યું એ જગ્યા એટલે હાલમાં આપણે જેને ખોખલ તરીકે ઓળખીએ છીએ તે જગ્યા નિર્દિષ્ટ થાય છે.) બાકીના ભાઇઓએ જુદા જુદા સ્થળે જઇ વાસ કર્યો. વીરજી પટેલે યુધ્ધ કૌશલથી આજુબાજુની વસ્તી પર દાબ બેસાડયો. ખેતીવાડીમાં આબાદ થયા. સરઢવ કે જે પોતાની નજીકનું ગામ હતું તેના પર નજીકના આદરજ ગામના રહીશો વારંવાર ચડી આવી લૂંટફાટ કરતા તેથી સરઢવ ના લોકોએ નજીક વસતા આ બહાદુર પુરૂષોને પોતાના ગામમાં આગ્રહ કરી વસાવ્યા. ગામતળની તથા સીમની જમીનનો સારો ભાગ તેમને આપી માન મરતબો વધાર્યો. આજુબાજુની લૂટારૂ પ્રજાથી સરઢવ ગામનું રક્ષણ કર્યુ. આદરજ અને સરઢવને લડાઇ થતી. ઘણાનાં મૃત્યુ થતાં. છેવટે આ લોકોને ફાવવા દીધા નહી. આખરે રાજયમાં સર્વત્ર શાંતિ ફેલાઇ, જરૂરી બંદોબસ્ત થયો ત્યારે આ તોફાન શાંત થયું. આ વીરજી ના વંશજો સરઢવ ગામમાં જામળીયા સંજ્ઞાથી ઓળખાય છે.

ઉપરોકત ઇતિહાસની વાતને પૃષ્ટિ આપતી માહિતી પૂંજાભા પરિવારના વહીવટકર્તાઓએ તેમના વહીવંચા પાસેથી તેમની વંશાવલીની જે માહિતી મેળવી છે તેમાં જણાવ્યા મુજબ વિક્રમ સંવત ૧૩૦૨ પોષ સુદ-૨ (ઇ.સ.૧૨૪૬) ગામ જામળા થી તેમના પૂર્વજો સરઢવ રહેવા આવ્યા. શાખે મનવર. આજે આ વાતને ૭૬૪ વર્ષ થયાં. આ રીતે ખોખવરા પાર્ટીનું આગમન ૭૬૪ વર્ષ પહેલાં થયું. જો વીરજી પટેલને મૂળ પુરૂષ ગણીએ તો ઇતિહાસકારના મત મુજબ ૭૭૫ વર્ષનો સમયગાળો ગણી શકાય. ખોખાભા પરિવારના માધાભા પરિવાર તરીકે ઓળખાતા પરિવારના વહીવટકર્તાભાઇઓ પાસેથી તેમના વહીવંચા પાસેથી મેળવેલ માહિતી મુજબ તેમના વડવા સંવત - ૧૩૦૨ ના પોષ સુદ -૨ દિને જામળાથી સરઢવ રહેવા સારૂ આવ્યા. શાખે - મનવર.આ માહિતી અને પૂંજાભા પરિવારની માહિતી એક સરખી જ છે. જેથી વહીવંચાની તથા ઇતિહાસકારની વાતને પુષ્ટિ મળે છે. વધુમાં માધાભા પરિવારે વહીવંચા પાસેથી મેળવેલ વંશાવલીમાં મૂળ પુરૂષ તરીકે ભલોભા દર્શાવેલ છે. ભલોભાના પુત્ર બાલજીભા અને બાલજીભાના પુત્ર ખોખોભા આ ક્રમ દર્શાવેલ છે. જેથી સરઢવમાં વસતા સમગ્ર ખોખાભા પરિવારના મૂળ પુરૂષ ભલોભા પ્રસ્થાપિત થાય છે. પરિવાર ખોખાભાના નામથી ઓળખાય છે. અગાઉ જણાવ્યું તેમ કુળ કે પરિવાર તેના પ્રભાવી વ્યકિતથી ઓળખાય છે. ભલોભાથી શરૂ થયેલ પેઢીનામામાં છેલ્લી પેઢીના માધાભા પરિવારના બાળકની ૨૨ મી પેઢી થાય છે.

ઇતિહાસકારનો મત અને વહીવંચાઓની માહિતી પરથી નિષ્કર્ષ કાઢવો હોયતો ઇતિહાસકારની માહિતી મુજબ વીરજી પટેલ અને વહીવંચાની માહિતી મુજબ ભલોભાની પેઢી વચ્ચે ખાસ અંતર જણાતું નથી. સરઢવમાં આગમનનો સમય ઇતિહાસકારના મત મુજબ ઇ.સ.૧૨૩૫ બાદ તથા વહીવંચાના ચોપડા મુજબ ઇ.સ.૧૨૪૬. વીરજી પટેલ જે પરિવાર સાથે સરઢવની સીમમાં રોકાયા તે બહાદુર પુરૂષોનો ઇતિહાસકારે ઉલ્લેખ કરેલ છે. આજુબાજુની વસ્તી પર વીરજી પટેલે યુધ્ધ કૌશલથી દાબ બેસાડયો તે હકીકતની નોંધ લઇએતો વીરજી પટેલ સાથે બાહોશ બહાદુર પુરૂષો હોવા જોઇએ જેને સરઢવમાં વસતા ભાઇઓએ લૂંટફાટ અટકાવવા સરઢવ ગામમાં બોલાવી માન મરતબા સાથે વસાવ્યા. સરઢવની સીમમાં રોકાયેલ વીરજી પટેલના પરિવારમાં ભલોભા નામે યુવાન કે બાળક હોય. શકય છે કે વહીવંચાના ચોપડામાં ભલોભાથી આગળની વિગતની નોંધ કરાવેલ ન હોય! આ રીતે ભલોભાથી આગળ વીરજી પટેલ સુધી ગણતરી થાય છે. ઇતિહાસકારનો મત અને વહીવંચાનો મત સમાન છે. ઇતિહાસકારની વિગત તપાસતાં સરઢવ ગામ તે વખતે વસેલુ હતું. ગામ પણ મોટુ હતું. ચોક્કસ ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ ન હોવા છતાં ગોવાળ પરિવારે આ ગામ વસાવ્યુ તે વાતો ચાલતી રહેલી છે. ઇતિહાસકારે વીરજી પટેલના આગમનની વાત કરી તેમાં સરઢવ ગામ મોટુ હતું તેવો ઉલ્લેખ કરેલ છે. અનુમાન કરી શકાય કે વીરજી પટેલના આગમન પહેલાં ૧૩૬ વર્ષ પહેલાં ગામની સ્થાપના જો થઇ હોયતો ગામની સ્થાપનાનો કાળ ૯૦૦ વર્ષ નક્કી થાય છે.

ઇતિહાસકારે બે ગામ વચ્ચેની લડાઇનો ઉલ્લેખ કરી રાજયની વ્યવસ્થા બાદ શાંતિ સ્થાપિત થઇ તે વાતનો ઉલ્લેખ કરેલ છે. આ વાતને વર્ષો વીતી ગયા બાદ અચાનક સંવત - ૧૭૯૯ ના કારતક સુદ - ૪ ની વહેલી સવારે પડોશી ગામ આદરજે સરઢવ ગામ પર ધાડ પાડી. બંને ગામો વચ્ચે હિંસક ધિંગાણું ખેલાયું. વેલાતર પરિવારના દાઢમભા, ખોખવરા પરિવારના મૂળજીભા તથા ભવાનીસંગ આ ત્રણે જણ જંગ ખેલતા ખેલતા હોમાઇ ગયા. આ બધુ જોયા પછી લાખાભાએ પોતાના મોટાભાઇ કાળીદાસને ઘરની જવાબદારી સોંપી પોતે ધાડની સામે રણે ચઢયા. ગામના લડવૈયાના અગ્રેસર બની બહાદુરીથી લડયા. ધાડને પાછી વાળી. ગામ બચી ગયું. જોકે લડાઇમાં લાખાભા પોતે પણ હોમાયા. લાખાભા ચારે બાજુ

શૂરવીર તરીકે પ્રચલીત થયા. તેમનો પરિવાર નાનજીભા વાળા હોવા છતાં લાખાભા પરિવાર તરીકે ઓળખાય છે. વંશ હંમેશાં પ્રભાવી વ્યકિતના નામે જ ઓળખાય છે. રઘુવંશ આનું ઉત્તમ ઉદાહરણ છે. આ સઘળી માહિતી લાખાભા પરિવારના વહીવટકર્તાભાઇઓએ તેમના વહીવંચા પાસેથી મેળવેલ છે. જેનો સરઢવના ઇતિહાસમાં અહી સમાવેશ કરવામાં આવેલ છે.

વહીવંચાની માહિતી અને ઇતિહાસકારની માહિતીમાં જુજ તફાવત જણાય છે. આટલી લાંબી કાળ ગણનામાં આ સમયગાળો નગણ્ય ગણી શકાય.

વીરજીભાઇના બીજાભાઇ વેણીદાસ જેતલપુર તળાવની પશ્ચિમે નેદરડા ગામમાં વસ્યા. ત્રીજાભાઇ હાથી પટેલ સરખેજમાં. ચોથાભાઇ હીરજીભાઇ પટેલ ગોધાવીમાં, પાંચમાભાઇ વાલજી પટેલ કાઠીયાવાડના કાલુવડ ગામે અને છઠ્ઠાભાઇ નાનજી પટેલ માળવાના ખરસોદ પરગણામાં જઇને વસ્યા છે. સાતમાભાઇ નાથા પટેલ જેઓ આનંદપુર પાટણમાં વસ્યા તે સ્થાનનો નાશ થયેલ છે. પરંતુ તેની નજીક સાણંદ ગામ છે ત્યાં તેમના વંશજો - ૨૩૬ વર્ષ રહયા.

આપણે ખોખાભા પરિવારનો ઉલ્લેખ કરી રહયા છીએ. સરઢવમાં રખેવરા પરિવાર, વેલાતર પરિવાર જેવા મોટા અને સમૃધ્ધ પરિવારો વસે છે. રખેવરા પરિવાર અને વેલાતર પરિવારના મૂળ પુરૂષ એક જ છે તે જાણવા મળે છે. ઇતિહાસ કે વહીવંચાની આ પરિવારોની માહિતી ઉપલબ્ધ થઇ શકેલ નથી. સરઢવના મૂળ વંશજ ગોવાળ પરિવાર ઉપરાંત અન્ય મોટા પરિવારો, સમૃધ્ધ થયેલા પરિવારો, પોકાર પરિવાર, દાવોડ પરિવાર, થોરીયા પરિવાર વસેલાં છે.

સરઢવમાં વસતા પટેલ પરિવારો ઉપરાંત અન્ય તમામ જ્ઞાતિબંધુઓનો પણ દરેકનો પોતાનો આગવો ઇતિહાસ હોઇ શકે છે. પુરતી માહિતી ના અભાવે તેમજ આ બધા પરિવારોની ૭૭૫ વર્ષ પહેલાંની નક્કર માહિતીના અભાવે તેમની વાતોનો સમાવેશ આ ઇતિહાસમાં કરી શકાયેલ નથી. ક્ષમા ચાહુ છું ક્ષમ્ય ગણશો.

સરઢવના વિકાસમાં સૌ ગ્રામજનો એકસાથે સંપ-સહકાર અને સંગઠનથી કાર્યરત છે. વિવિધ ટ્રસ્ટો, મંડળો, સહકારી, સામાજિક, કેળવણી સંસ્થાઓ, આરોગ્ય સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને સરઢવ ગ્રામ પંચાયત સૌ પોતાની શ્રેષ્ઠ ભૂમિકા અદા કરી રહેલ છે. ખોખાભા પરિવારના પ્રભાવી આગમનથી આજદિન સુધીની અગ્રભૂમિકા રહી છે.

સ્વર્ણિમ ગુજરાત - ૨૦૧૦ ના એક ઘટક તરીકે આપણે સૌ સરઢવવાસીઓ શુભ સંકલ્પ કરીએ કે વૈયકિતક મતભેદોને સ્થાન ન આપતાં એક બની, નેક બની સરઢવ ગામને શ્રેય અને પ્રેયની સમૃધ્ધિની ટોચ સુધી લઇ જઇને અમારી માતૃભૂમિનું ઋણ અદા કરીશું પ્રત્યેક ગામ આબાદ બને તો રાજય અને રાષ્ટ્ર આબાદ બને. ભારત માતા કી જય.

- અસ્તુ -

સ્થળ : સરઢવ　　　　　　　　　　લેખન - સંકલન

તારીખ : ૧૫/૦૮/૨૦૧૦　　　　　　　　　　આદર્શ નાગરિક. સરઢવ